# સરસ્વતીના મહેરબાન ફોજદારી ન્યાયધીશ પ્રથમ વર્ગનાં ન્યાયાલયમાં

**કુ.મેધાબેન મહેશકુમાર નવધરે, ફોજદારી ન્યાયધીશ પ્રથમ વર્ગ, સરસ્વતી**

(ચુકાદાની તારીખ : ૦૯–૦૩–૨૦૨૬)

ફોજદારી કેસ નંબર :– ૯૫૬/૨૦૨૪

આંક :–

| **ગુનાની વિગતો** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સરસ્વતી પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૭૦૪૧૨૪૦૧૭૦/૨૦૨૪ |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી ડી.એમ. ઠક્કર |
| આરોપી | ઠાકોર સવુભા જાલુજી છગનજી<br>ઉ.વ.૨૭, રહે. અઘાર, માઢપાર્ટી<br>તા. સરસ્વતી, જિ.પાટણ |
| આરોપી તરફે વિ. વ.શ્રી | શ્રી ડી.આર.પરમાર |

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૦૩.૦૪.૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૩.૦૪.૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૮.૦૮.૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૩.૦૨.૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦.૦૩.૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૯.૦૩.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૯.૦૩.૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ (લાગ પડે તો) | –– |

**આરોપીઓની વિગતો**

| આ. નં. | આરોપીઓના નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | શું સજા કરી? | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સં. ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઠાકોર સવુભા જાલુજી છગનજી | ૨૧.૦૫.૨૦૨૪ | ૨૧.૦૫.૨૦૨૪ | ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબ. | નિર્દોષ | –– | –– |

## :: ચુકાદો ::

## (૧) ફરિયાદપક્ષે ટૂંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી :–

આ કામે ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોદાર પોતાના કબજા ભોગવટાના વાડામાં કેરબા નંગ–૦૪ માં દેશીદારૂ ગાળવાનો વોશ લીટર ૨૦૦ કિં.રૂા.૪૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી ન આવી ગુનો કરેલ. સદર મુદ્ધામાલ કબજે કરી પંચો રૂબરૂ પંચનામુ કરી ફરિયાદીએ આ મતલબની ફરિયાદ સરસ્વતી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે. તપાસ કરનાર અધિકારીશ્રી દ્ધારા ગુના અંગે આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી કરેલ અને તપાસના અંતે તપાસ કરનાર અધિકાશ્રીએ આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ.

## (૨) ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :–

મહે. પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપીઓ વિરૂદ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબનાં ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવા હુકમ કરેલ. આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી સમજાવી આંક–૦૬ થી આરોપીઓનો ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીઓએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરૂદ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૩) ફરિયાદપક્ષ તરફે પુરાવો :–

આરોપીઓએ તેઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો કબૂલ નહી કરતા ફરિયાદપક્ષે પુરાવો રજુ કરેલ.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી અકબરભાઈ રમજુભાઈની જુબાની | ૧૦ |
| ૦૨ | પંચસાહેદ બલાજી વરસંગજીની જુબાની | ૧૯ |
| ૦૩ | પંચસાહેદ વિજુસંગ બદસંગજીની જુબાની | ૨૧ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૦૧ | અસલ ફરિયાદ | ૧૧ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૦ |

## (૪) વિશેષ નિવેદન :–

સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ ૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધતા આરોપીએ આ કામે નિર્દોષ હોય તેઓને છોડી મુકવા અરજ ગુજારેલ.

## (૫) દલીલો :–

આરોપીના વિશેષ નિવેદન લીધા બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

## (૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય :–

સદર કામે રજુ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

| **ક્રમ** | **મુદ્દા** | **ન્યાયિક નિર્ણય** |
|---|---|---|
| ૦૧ | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામના તહોદાર પોતાના કબજા ભોગવટાના વાડામાં કેરબા નંગ–૦૪ માં દેશીદારૂ ગાળવાનો વોશ લીટર ૨૦૦ કિં.રૂા.૪૦૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી ન આવી ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? | નકારમાં |
| ૦૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ. |

(૭) **નિર્ણય માટેના કારણો :–** મુદ્દા નં. ૧ અને ૨ :

**(૭.૧)** આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂળ સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિદોર્ષ છે તેવું માનવું જોઈએ અને ફરિયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષના સકારાત્મક પુરાવાથી વ્યાજબી શંકાથી પરે સાબિત કરવું જોઈએ.

**(૭.૨)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા ફરિયાદપક્ષ તરફથી સૌપ્રથમ ફરિયાદી અકબરભાઈ રમજુભાઈએ આંક–૧૦ થી સોગંદ ઉપરની જુબાનીં એવી હકીકત જણાવે છે કે, ગઈ તા. ૦૩.૦૪.૨૦૨૪ ના

રોજ તેઓ તથા પ્રવિણસિંહ અમૃતજી તથા એલ.સી.બી. સ્ટાફના માણસો વિગેરે ખાનગી વાહનમાં સરસ્વતી વિસ્તારમાં પ્રોહી લગત પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી હકીકત મળેલ કે, અઘાર ગામે રહેતા ઠાકોર સવજીજી જાલુજી, રહે. અઘારવાળો પોતાના વાડામાં દેશી દારૂ ગાળવાનો વોશ રાખી વેચાણ કરતો હોઈ તે બાતમી હકીકત આધારે નજીકમાંથી પંચોના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી સદરી જગ્યાએ જઈ તપાસ કરતા તમો આરોપી સદરી ઈસમ હાજર મળી આવેલ નહી અને તપાસ કરતા પ્લાસ્ટિકના કેરબા નંગ–૦૪ જેમાં કથ્થઈ કલરનું પ્રવાહી ભરેલ હોઈ જેમાં દેશી દારૂ ગાળવાના વોસની પુષ્કળ વાસ આવતી હોઈ જે એક કેરબામાં ૫૦ લીટર લેખે ૨૦૦ લીટર કિં.૪૦૦/– નો વગર પાસ પરમીટરનો મળી આવેલા. આ કેરબામાંથી થોડો થોડો વોસ તેમજ દેશી દારૂ સેમ્પલ સારૂ એક કાચની શીશીમાં આશરે ૧૮૦ મિ.લી. જેટલો વોશ કાઢી લઈ તેમાં પ્રમાણસર મોરથુંથું નાખી શીશીનું ઢાંકણ બંધ કરી સેમ્પલની શીશી ઉપર પંચો તથા સાહેબની સહીવાળી કાપલી દોરાથી બાંધી તેના ઉપર પોલીસના માર્કાનું લાખથી પાકું શીલ કરી સેમ્પલની શીશીની કિં.૦૦/૦૦ ગણી પોલીસે તપાસ અર્થે કબજે કરેલ. તેમજ પ્લાસ્ટિકના કેરબામાં ભરેલ દેશીદારૂ ગાળવાનો વોશ પોલીસ સ્ટેશનમાં સાચવી શકાય તેવી સ્થિતિમાં ન હોઈ પોલીસે બંન્ને કેરબા સહીત વોશ પંચો રૂબરૂ અત્રે સ્થળ ઉપર નાશ કરેલ. તે મતલબની ફરિયાદ તેઓએ આપેલી. જે ફરિયાદ આ કામે આંક–૧૧ થી રજુ કરેલ છે. આરોપીને તેઓ ઓળખે છે. નામ.કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે ઓળખ અંગેની તકરાર નથી. જ્યારે બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરતાં એ હકીતનો સ્વીકાર કરેલ છે કે, બાતમીનો સમય ફરિયાદમાં દર્શાવેલ નથી. ફરિયાદમાં તેઓના વાહનનો નંબર દર્શાવેલ નથી. પંચોના નામઠામ જણાવેલ નથી. તેઓએ ગુનાની

જગ્યા બાબતનો માલિકીનો અધાર પુરાવો રજુ કરેલ નથી. તેઓએ ગુનાવાળી જગ્યાએ આરોપીને મુદ્દામાલ સાથે પંચોની હાજરીમાં પકડેલ નથી. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરી જણાવેલ છે કે, તેઓએ તેમની સારી કામગીરી બતાવવા માટે આરોપી વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરેલી છે.

(૭.૩) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પંચસાહેદ બલાજી વરસંગજીએ આંક–૧૯ તથા બીજા પંચસાહેદ વિજુસંગ બદસંગજીએ આંક–૨૧ થી સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આજથી એક વરસ પહેલા સરસ્વતી પો.સ્ટે.ના પોલીસના માણસોએ તેઓને એક તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ તેમાંસહી કરેલ. કાગળમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નથી કે તેઓને સંભળાવેલ નથી. તેઓની રૂબરૂ કોઈ દેશીદારૂ ગાળવાનો વોશ પકડાયેલ હોય તેવું બનેલ નથી. તેઓને પંચનામું બતાવવામાં આવે છે. તેમાં તેઓની પંચો તરીકે સહી છે સાહેદ કબૂલ રાખેલ છે. જે પંચનામું આ કામે આંક–૨૦ થી રજુ કરેલ છે. સદર બંન્ને પંચસાહેદ પંચનામાને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી બંન્ને પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયિમ, ૧૮૭૨ ની કલમ ૧૫૪ અન્વયે ઉલટ તપાસ કરવા છતાં તેઓની જુબાનીમાંથી કોઈ ફળદાયક તથ્ય રેકર્ડ પર લઈ આવી શકેલ નથી. જ્યારે બચાવપક્ષ દ્વારા બંન્ને પંચસાહેદોની ઉલટતપાસ કરતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ તે સિવાય તેઓ કંઈ જાણતા નથી.

## (૮) આખરી તારણ :

ન્યાયિક સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધનો ફોજદારી ગુનો વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાની જવાબદારી

ફરિયાદપક્ષની છે. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા તપાસનીશ અધિકારીએ તટસ્થ ઈમસોના નિવેદન નોંધલ નથી કે તેવા ઈસમોને સાક્ષી તરીકે ફરિયાદપક્ષે તપાસેલ નથી. વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકાર કરેલ છે કે, સમય ફરિયાદમાં દર્શાવેલ નથી. ફરિયાદમાં તેઓના વાહનનો નંબર દર્શાવેલ નથી. પંચોના નામઠામ જણાવેલ નથી. તેઓએ ગુનાની જગ્યા બાબતનો માલિકીનો અધાર પુરાવો રજુ કરેલ નથી. તેઓએ ગુનાવાળી જગ્યાએ આરોપીને મુદ્દામાલ સાથે પંચોની હાજરીમાં પકડેલ નથી. હ ાલના કેસમાં ફરિયાદપક્ષે આરોપીનો મુદ્દામાલનો પ્રત્યક્ષ કબજો સાબિત કરવો પડે તેમજ ફરિયાદપક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદપક્ષના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે, પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન નહી આપતા હોવાનું પ્રથમ દર્શનીય છે. વધુમાં પ્રોહીબીશનનાં ગુનાના કામે અગત્યનાં સાહેદ કે, જેનાંથી પંચનામું સાબિત થઈ શકે તે પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. તેથી કબજે કરેલ મુદ્દામાલ ખરેખર કહેવાતી બનાવવાળી જગ્યાએથી પકડેલ છે કે કેમ તે અંગે પણ શંકા ઉદ્ભવે છે. વધુમાં ફરિયાદપક્ષે સદર કામે બનાવાળી જગ્યાના માલિકીના આધારા પુરાવા રજુ કરેલ નથી. આમ, ફરિયાદપક્ષ સદર કામે જે મુદ્દામાલ કબજે લેવામાં આવેલ છે તે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવ્યાનું સાબિત કરી શકેલ નથી. આમ, રેકર્ડ ઉપર જે પુરાવો પડેલ છે તે પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરી શકેલ ન હોય અને રજુ થયેલા પુરાવાથી આરોપીની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થતી હોય આ કામનાં સાહેદ પોલીસ વિભાગનાં અધિકારી હોય અને

તેઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાનાં સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નું તથ્ય વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નકરાત્મક ઠરાવી, મુદ્દા નં. ૨ માટેનો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી ઠાકોર સવુભા જાલુભા છગનજી, ઉ.વ.૨૭, રહે.અઘાર માઢપાર્ટી, તા.સરસ્વતી, જિ.પાટણવાળાને ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫(એફ) મુજબનાં ગુનામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે પૂરતા પુરાવાને અભાવે શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવો.

(૩) આરોપીએ  ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામે હાજર રહેવા, સદરહું હુકમની તારીખથી છ માસનાં સમયગાળા માટે રૂપિયા ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૯.૦૩.૨૦૨૬

મુકામ : સરસ્વતી

JJN/- **(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)**

**ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ,**
**સરસ્વતી [GJ01715]**